# આશ ભરીને આવ્યો સ્વામી

(રાગ: આને સે ઉસકે આયે બહાર, જાને સે ઉસકે જાયે બહાર)

આશ ભરીને આવ્યો સ્વામી, ભક્તિમાં નહિ રાખું ખામી (૨)

પૂરજો મારી આ ...શ, ઓ શંખેશ્વરા (૨)

રાખજે મારી લા ...જ, ઓ શંખેશ્વરા (૨)

તાર હો તાર હે પ્રભુજી, હું તો જેવો છું તેવો તમારો (૨)

કોઈ નથી અહીં મારું, પ્રભુ આપી દે મુજને સહારો (૨)

પાર કરો, ઉધ્ધાર કરો (૪)

મુજ જીવન નૈય્યા, ઓ શંખેશ્વરા (૨)

શંખેશ્વરા ઓ પરમેશ્વરા (૪)

પૂરજો મારી આ ...શ, ઓ શંખેશ્વરા (૨)

આશ ભરીને આવ્યો સ્વામી, ભક્તિમાં નહિ રાખું ખામી (૨)

પૂરજો મારી આ ...શ, ઓ શંખેશ્વરા (૨)

ભાન ભૂલી ગયો છું, સન્મતિ તું મુજને દેજે (૨)

રાહ ભૂલી પડ્યો છું, મને રાહ બતાવી દેજે (૨)

માયા કેરી, આ દુનિયામાં (૪)

રઝળી પડ્યો છું આજ, ઓ શંખેશ્વરા (૨)

આશ ભરીને આવ્યો સ્વામી, ભક્તિમાં નહિ રાખું ખામી (૨)

પૂરજો મારી આ ...શ, ઓ શંખેશ્વરા (૨)

(ચગાવવું)

શંખેશ્વરા ઓ પરમેશ્વરા (૪)

પૂરજો મારી આ ...શ, ઓ શંખેશ્વરા (૨)

ઓ શંખેશ્વરા (૨)

2016-03-10 - https://www.youtube.com/watch?v=G9Zlnl5OI7s